# ઊંઝા વોર્ડ નં. ૯ના રહીશોએ પાણી મામલે સત્તાધિશો સામે પાલિકા કચેરીમાં માટલા ફોડ્યા

ઊંઝા, તા. ૧૨

ઊંઝા શહેરના વોર્ડ નં. ૯ના વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી નગરપાલિકા દ્વારા પીવાના પાણીના પ્રશ્ને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં રોષે ભરાયેલ વોર્ડ નં. ૯ના રહીશોએ રેલી સ્વરૂપે પાલિકામાં આવ્યા હતા. જેમાં મહિલાઓએ પાલિકાના પ્રમુખની ચેમ્બરમાં ધસી જઈ માટલાં ફોડીને પાલિકાના સત્તાધિશો સમક્ષ ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

ઊંઝા શહેરની મધ્યમાં આવેલ વોર્ડ નં. ૯ના સમગ્ર વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી લોકોને પીવાનું પાણી મળતું ન હતું. જેથી આ વિસ્તારના રહીશોએ સ્થાનિક નગરપાલિકામાં પાણીની તંગી અંગે વારંવાર રજૂઆતો કરી હતી. તેમ છતાં પાલિકા તરફથી આ પ્રશ્ન હલ ન કરાતા ઘોર નિંદ્રામાં પોઢેલા પાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને ઉગ્ર આંદોલન કરવાની ચિમકી આપીને આ વિસ્તારના પાલિકાના માજી સદસ્ય દશરથભાઈ પટેલ, અગ્રણી બાબુભાઈ પટેલ, કોંગીના પાલિકા સદસ્ય અરવિંદભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ૨૫૦ જેટલી મહિલાઓ અને ૧૦૦ જેટલા પુરૂષોએ ભેગા મળી ઢોલ નગારા અને ભાજપના સત્તાધિશો વિરૂદ્ધ બેનરો અને સૂત્રોચ્ચાર સાથેની રેલી કાઢી હતી જે પાલિકા કચેરીએ પહોંચી હતી.

આ રેલીમાં જોડાયેલ પુરૂષોએ પાણીના પ્રશ્ને પાલિકાના વહિવટકર્તાઓ વિરૂદ્ધ ઉગ્ર રજૂઆતો કરી હતી. જ્યારે મહિલાઓ પાલિકા પ્રમુખની ચેમ્બરમાં ઘુસી જઈને અંદર માટલાઓ ફોડી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. તેમજ પાલિકા પ્રમુખની ચેમ્બરમાં બેઠેલ પાલિકા પ્રમુખ બલુભાઈ રાવળ, મુખ્ય અધિકારી અશ્વિનભાઈ નાયક, પાલિકાના સદસ્યો વિગેરેને ઘેરી લઈને અપશબ્દો બોલી અપમાનિત કરતા માહોલ ભારે ગરમાયો હતો.

ઊંઝા ખાતે વોર્ડ નં. ૯માં પાણીની તીવ્ર તંગીને લઈને ઉશ્કેરાયેલ આ વિસ્તારના રહીશોએ પાલિકા કચેરીમાં જઈને હલ્લાબોલ કર્યો હતો. જેથી લોકોનો રોષ પામી જઈને પાલિકા પ્રમુખ બી.કે. રાવળે દસ દિવસમાં વોર્ડ નં. ૯નો પીવાના પાણીનો પ્રશ્ન હલ થવાની અને સાતમાં બોર ચાલુ થઈ જશે તેવી લેખિત ખાત્રી આપી હતી.



(તસવીર : મગનજી વણઝારા)

ભાદરવી પુનમે મા અંબાના દર્શન માટે હજારો પદ યાત્રીઓ અંબાજી તરફ કૂચ કરી રહ્યા છે ત્યારે પદયાત્રીઓની સેવા માટે ઠેર ઠેર વિસામા કાર્યરત થઈ રહ્યા છે. સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પોલીસ પરીવાર દ્વારા વિસામો ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પુર્વ ગૃહરાજય મંત્રી પ્રફુલભાઈ પટેલે પદયાત્રીઓ માટે વિસામો ખુલ્લો મુકયો હતો. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા, વિભાગીય પોલીસ વડા ગેહલોત, ટાઉન પી.આઈ. આલ, એલ.સી.બી. પી.આઈ.ચૂડાસમા, એસ.ઓ.જી. પી.આઈ. દેસાઈ સહિત પોલીસ અધિકારીઓ અને પોલિસ પરિવાર ઉપસ્થિત રહ્યા હતાં.



બ્રહ્મ ભવન ખાતે ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. બુધવારે રાત્રે વિવિધ મુદ્રાઓના નૃત્ય યોજાયો હતા. જેમાં એશ્વર્યા પિનાકીન રાવલે સુંદર નૃત્ય રજૂ કરી પ્રેક્ષકોના મન જીતી લીધા હતા.

# ખેડબ્રહ્મામાં ભાદરવી પૂનમના લોક મેળાની તડામાર તૈયારી

## ભાદરવા સુદ બારસથી પૂનમ સુધીના પરંપરાગત મેળામાં જનમેદની ઉમટશે

ખેડબ્રહ્મા, તા. ૧૨

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના સાનિધ્યમાં ભાદરવા સુદ પૂનમનો વિખ્યાત મેળો ભરાય છે. ભાદરવી પૂનમે ભરાતો પરંપરાગત મેળો ભરાય છે. આ વર્ષે પણ ઉલ્લાસભર ભરાશે. મેળામાં લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડશે જેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ તથા વહીવટી તંત્ર દ્વારા ભાદરવી પૂનમના મેળા માટે તડામાર તૈયારીઓનો આરંભ કરાયો છે. મેળાના સ્થળે પ્લોટની હરાજીનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. વહીવટી તંત્ર પણ યાત્રિકોને વધુ સુવિધાસભર સવલતો પ્રાપ્ત થાય તે હેતુથી કામે લાગી ગયું છે. અંબાજી જૂનાગઢ, ડાકોર, તરણેતર, બહુચરાજી તથા શામળાજીમાં ભરાતા મેળાનું ધાર્મિક મહત્વ છે તેમ ખેડબ્રહ્માના મા અંબાજીના ભાદરવી પૂનમ મેળાનું મહત્વ છે. આ મેળો ભાદરવા સુદ બારસથી પૂનમ સુધી ભરાય છે. મેળો માણવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે. લોકોમાં ભગવતીના દર્શન કરી ધન્યતા અનુભવશે.

આ મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શહેરમાં એસ.આર.પી. પોલીસ તથા હોમગાર્ડનો જડબેસલાક બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી છે. મા અંબા પ્રત્યેની અડગ આસ્થા સાથે અંબાજી જતા હજારોની સંખ્યામાં પગપાળા સંઘ ખેડબ્રહ્માના નાના અંબાજીના ચરણોમાં મસ્તક ટેકવી આગળ વધે છે. ભાદરવા સુધી બારસથી પૂનમ સુધી ખેડબ્રહ્મા શહેરમાં અંબાના જયઘોષથી ગુંજી ઉઠશે.

# ગાંધીનગર એસ.ટી. સ્ટાફ સોસાયટીના કૌભાંડના મામલે રી-ઓડીટ શરૂ

## સ્પેશિયલ ઓડીટર છેલ્લા ૧૪ વર્ષના હીસાબો તપાસશે...!

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસ.ટી. સ્ટાફ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટીમાં કરોડોનું કૌભાંડ થયું હોવાના આક્ષેપો અન્વયે સોસાયટીની ડિવીઝનલ ઓફિસ દ્વારા સ્પેશિયલ ઓડીટરને છેલ્લા ૧૪ વર્ષના હીસાબો તપાસવા સૂચના આપવામાં આવી છે. જેના પગલે ઓડીટરે આજે વર્ષવાર ચોપડા તૈયાર કરવા સૂચના આપી હીસાબોની તપાસ હાથ ધરી છે.

વર્ષ ૧૯૯૮થી ૨૦૧૨ના સમયગાળા દરમિયાન ગાંધીનગર એસ.ટી. સ્ટાફ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટીમાં મોટું કૌભાંડ થયું હોવાની અગાઉ ફરિયાદો ઉઠવા પામી હતી આ અંગે ઉચ્ચ કક્ષાએ પણ અગાઉ કર્મચારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

જયારે આ તથાકથિત કૌભાંડના મામલે આખરે જોઈન્ટ રજીસ્ટ્રર કોઓપરેટીવ સોસાયટી અમદાવાદ ડિવીઝન દ્વારા સ્પેશિયલ ઓડીટરને આ મામલે રી ઓડીટ કરવા સૂચના આપી હતી. જે અન્વયે સોસાયટીના ઓડીટરે આજે આ મામલે છાનભીન હાથ ધરી હતી. આ દરમિયાન તેમણે વર્ષ ૧૯૯૮થી ૨૦૧૨ના વર્ષવાર હિસાબોના ચોપડા તૈયાર કરવા પણ સૂચના આપી હતી. કૌભાંડ પ્રકરણ સંદર્ભે છેલ્લા ૧૪ વર્ષના હિસાબો પણ તપાસવામાં આવશે. તથાકથિત કૌભાંડની તપાસના ચક્રો ગતિમાન થતા એસ.ટી. તંત્રમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે.

# વાસન મુકામે ખેલકૂદ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલ વાસન ગામે તાજેતરમાં જુથ વિભાગ વ્યાયામ શાળા દ્વારા એથ્લેટીક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુથ વિભાગની ૭ થી વધુ શાળાના બાળકોએ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રાંધેજા જુથમાં વાસન ખાતે તાજેતરમાં યોજાયેલ અથ્લેટીક સ્પર્ધામાં દોડ, લાંબીકુદ, ચક્રફેંક, ગોળાફેંક સહિતની વિવિધ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાંધેજાની એસ.જે. પટેલ વિદ્યામંદિરના ખેલાડીઓ વિવિધ રમતોમાં વિજેતા બન્યા હતા. તેમાં ૨૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમે વણઝારા કરશન અમરાભાઈ, ૬૦૦ મી. દોડમાં પ્રથમ ઠાકોર પ્રકાશ જવાનજી, ગોળાફેંકમાં પ્રથમ ઠાકોર કરણ પુંજાજી, ૧૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમે ઝાલા વિદુભા, ૨૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમે પ્રજાપતિ નૈમેષ જયારે દંતાણી દિનેશે લાંબી કુદ અને ચક્રફેંકમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

બહેનોના વિભાગમાં ચક્રફેંકમાં પ્રથમ ઠાકોર સપના, ૧૦૦ મી. દોડમાં પ્રથમ ઠાકોર હેતલ, ૨૦૦ મી. દોડમાં પ્રથમ પરમાર શાન્તા ગોળાફેંકમાં પ્રથમ પટેલ મોના, ૪૦૦ મી. દોડમાં પ્રથમ રાવળ વર્ષા, ચક્રફેંક વિભાગમાં પ્રથમ સ્થાન પટેલ પુનમે મેળવ્યું છે. તમામ વિજેતા ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક એસ.જે. બલેવીયા અને વી.એન. પટેલે માર્ગદર્શન પુરું પાડયું હતું. ખેલાડી ભાઈ-બહેનોને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

# ઉવારસદ સર્કલ પાસે ડમ્પરે હોમગાર્ડ જવાનને કચડી માર્યો

## અડાલજ ખાતે નાઈટ ડ્યુટી પતાવીને હોમગાર્ડ પરોઢીયે બાઈક પર ઘરે જઈ રહ્યો હતો : ડમ્પર મુકીને ચાલક ફરાર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના માર્ગો પર ડમ્પર ચાલકો માતેલા સાંઢની માફક બેરોકટોક વાહન ફેરવવા લાગ્યા છે. દર બે-ચાર દિવસે ડમ્પર કે ટ્રકની અડફેટે એકાદનો ભોગ લેવાય છે. આજે પરોઢીયે બેફામ ગતિએ જતા ડમ્પરે ડ્યુટી પતાવીને ઘરે બાઈક લઈને જઈ રહેલા હોમગાર્ડ જવાનને અડફેટે લઈ કચડી માર્યાની ઘટના બનવા પામી છે. ડમ્પર મુકીને આરોપી ચાલક રફુચક્કર થઈ ગયો હતો. અડાલજ પોલીસે હોમકાર્ડનો મૃતદેહ પી.એમ. કરાવી ફરાર ડમ્પર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

ઉવારસદ ગામના વતની અને હાલ ગાંધીનગર શહેરના સેક્ટર-૬-બી પ્લોટ નં. ૫૬૨/૧ ખાતે રહેતા ૩૫ વર્ષીય બળદેવભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ઉવારસદ હોમગાર્ડ યુનિટમાં હોમગાર્ડ જવાન તરીકે ફરજ બજાવે છે. અડાલજ ગામમાં નાઈટ ડ્યુટી કરીને સવારે પાંચ વાગ્યે બળદેવભાઈ તેમનું બાઈક નં. જીજે-૧૮-એ.એસ.૬૦૦૧ લઈને ઘરે આવવા માટે નિકળ્યા હતા. ઉવારસદ રોડ પરની સડસડાટ આવી રહેલી ટર્બો ટ્રક ડમ્પર નં. જીજે-૨-ઝેડ-૮૩૪૨ ના ચાલકે ઉવારસદ ચોકડી પાસે બાઈક પર આવી રહેલા હોમગાર્ડ જવાનને અડફેટે લઈને ચગદી નાંખતા ચકચાર મચી જવા પામી હતી. કમકમાટીભર્યા આ દૃશ્ય જોઈને રાહદારીએ અડાલજ પોલીસને જાણ કરતા પી.એસ.આઈ. એસ.ડી. ડામોર તથા જમાદાર વિનીતભાઈ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હોમગાર્ડ જવાનનો મૃતદેહ પી.એમ. કરાવી ડમ્પર મુકીને ફરાર થઈ ગયેલા ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને તેને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

# બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગણેશ વંદના અને વાનગી સ્પર્ધાનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૧૨

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા ગણેશ મહોત્સવ નિમિત્તે ગણેશ વંદના અને દિવાળીના નાસ્તાના શોનો બ્રહ્મભવન ખાતે સંયુક્ત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાંધીનગરની વિવિધ સંસ્થાઓની બહેનોએ ભજનકિર્તન કર્યા હતા. જ્યારે નાસ્તા શોમાં વિવિધ વાનગીઓ બતાવી પ્રોત્સાહન ઈનામો પ્રાપ્ત કર્યો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે અંજલીબેન પુરોહિત અતિથિ વિશેષ પદે મિલનબેન જાની, વિમલાબેન આચાર્ય, સલાહકાર પુષ્પાબેન મહેતા, સર્મિષ્ઠાબેન દવે, વિવિધ મહિલા સંસ્થાઓની પ્રમુખો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતિયા દ્વારા કરવામાં આવ્યું હતું.


# સે. ૧૨ સિવિલ કમ્પાઉન્ડમાં રામદેવ પીરનો નેજો ચઢાવાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સેકટર-૧૨ સિવિલ કમ્પાઉન્ડમાં આવેલ રામદેવ પીરના મંદિર ખાતે આગામી તારીખ ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરના રોજ ભજન-સંતવાણી તથા રામાપીરના નેજા (નિશાન) ચઢાવવામાં આવનાર છે.

રામદેવ પીરના મંદિર ખાતે તારીખ ૧૩ સપ્ટેમ્બર-૨૦૧૩ને શુક્રવારને રાત્રે ૯ કલાકે ભજન સંતવાણીનો કાર્યક્રમ રાખેલ છે. તેમજ તારીખ ૧૪ સપ્ટેમ્બર-૨૦૧૩ને શનિવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન ધ્વજ નેજાનું નિશાન ચઢાવવામાં આવશે. આ પ્રસંગે વિક્રમસિંહ ગોલ રાજપૂત સમાજ પ્રમુખ, ચીમનભાઈ વિંઝુડા કોર્પોરેટર મહાનગરપાલિકા ગાંધીનગર, હસમુખભાઈ જુગાજી મકવાણા ડેપ્યુટી લીડર, પીન્કીબેન પટેલ કોર્પોરેટર, મહાનગરપાલિકા ગાંધીનગર, અશોકભાઈ શ્રીમાળી, કોર્પોરેટર, મહાનગર પાલિકા ગાંધીનગર, બળદેવભાઈ વાઘેલા, પ્રોફેસર, માણસા કોલેજ, ચતુરભાઈ તલવાડી માજી મામલતદાર ગાંધીનગર, કે.પી. સોલંકી, જિલ્લા મહામંત્રી કોંગ્રેસ સમિતિ ગાંધીનગર હાજર રહેશે. તેમ સંચાલકો વાઘેલા બચુભાઈ મોતીભાઈ, વાઘેલા વિનોદભાઈ ચુનીલાલ, પૂજારી વાઘેલા કેશાભાઈ નાગરભાઈ દ્વારા જણાવાયું છે.

## શબ્દાવલી - ૫૧૭૪



### આડી ચાવી

૧. પ્રયોગશાળા (૫)
૪. ભમરો, ભ્રમર (૨)
૫. અત્યારે હળાહળ... ચાલી રહ્યો છે (૪)
૬. ચાકર, નોકર (૩)
૯. એક સદીનું નામ, ... સાગર (૨)
૧૧. ડફ, એક વાદ્ય (૩)
૧૨. બે ધ્યાન, ચેતેલુ ના હોય તેવું (૩)
૧૩. વચન, વાયદો (૨)
૧૪. હસબન્ડ, સાજન (૨)
૧૫. બહાદુર (૩)
૧૬. કુરબાન (૨)
૧૯. આશરો, તેરી... મેં હમેં રખના (૩)
૨૧. અડધી રાત (૪)
૨૨. દૃષ્ટિ (૩)

### ઊભી ચાવી

૧. ચોર, લુંટારો (૩)
૨. ટંકાવાથી થતો અવાજ (૨)
૩. અમદાવાદનું એક થિયેટર (હતું) જેના નામથી રોડ ઓળખાય છે (૩)
૪. દુરંદેશી (૫)
૭. ... માં ઉછરેલું, લાડકવાયું (૪)
૮. ઠંડીમાં ગળે વળગાડાતું કપડું (૪)
૧૦. કલ્યાણ (૨)
૧૨. પોતાનાપણુ, હિન્દી ફિલ્મ (૫)
૧૫. કાયદો, રિવાજ (૩)
૧૭. પહોર, ઘડી, સમય (૩)
૧૮. વાયુ, વાર્તા-વિચાર (૨)
૨૦. અભિમાન-ગર્વ (૨)

### શબ્દાવલી ૫૧૭૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) પારકે (૩) સદાવ્રત (૭) દુમ (૯) સણકા (૧૦) કાણમોકાણ (૧૧) રૂજ (૧૨) સમ (૧૪) તણખા (૧૬) પ્રયોજન (૧૮) રેડિયો (૧૯) નેસ (૨૦) મલક (૨૧) તાન

**ઊભી ચાવી :-** (૧) પાદુકા (૨) રમણભમણ (૪) દાસ (૫) વ્રણ (૬) અકારણ (૧૧) રૂપિયો (૧૨) સતનામ (૧૩) અનસન (૧૫) ખારેક (૧૬) પ્રયોગ (૧૭) જનેતા

# આસિઆની સપ્ટેમ્બર-૧૩ની માસિક સભા રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

એસોસીએશન ઓફ સિનિયર અન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્ટસની (આસિઆ) સપ્ટેમ્બર માસની માસિક સભા રવિવાર તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ મહાત્મા મંદિર ખાતે સવારે ૧૦.૩૦ વાગે યોજાશે. ૧૫મી સપ્ટેમ્બર દેશના મહાન ઈજનેર ડૉ. એમ. વિશ્વેશ્વરેયાના જન્મદિનને 'એન્જિનીયર્સ ડે' તરીકે મનાવવામાં આવે છે. જેને અનુલક્ષીને સંસ્થાના સભ્યોને આ સભામાં અચૂક હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

# ૬૨ ડીવાયએસપીને પોસ્ટી અને ૩૮ ડીવાયએસપીના બદલીના હુકમ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના પ્રોહિબીશન સમયના ૬૨ ડીવાયએસપીના મોડી સાંજે પોસ્ટીંગ અને ૩૮ ડીવાયએસપીની બદલીના થયેલા ઓર્ડરમાં ગાંધીનગર જિલ્લામાં પ્રોહીબીશનમાં ફરજ બજાવી રહેલા બે મહિલા ડીવાયએસપીનો પણ સમાવેશ થાય છે. ડીવાયએસપી કોમલબેન વ્યાસને સીઆઈડી ક્રાઈમ (ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન સેલ)માં અને જ્યોતિબેન પટેલને સાબરકાંઠા પોલીસ હેડ ક્વાટ્ર્સમાં પોસ્ટીંગ આપવામાં આવ્યા છે.

# વધુ એક ગાડીનો કાચ ફુટયો...

ગાંધીનગરમાં કારના કાચ તોડીને કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરતી ગેંગ સક્રીય થઈ ગઈ છે. ત્યારે ગઈ બપોરે સે-૧૬ ખાતે એક ગાડીનો કાચ ફોડીને અંદરથી આ ગેંગે કિંમતી ચીજવસ્તુની ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે કોઈ કિંમતી સામાન હાથ લાગ્યો ન હતો. કાર માલિક પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો પરંતુ આ અંગે પોલિસ ફરિયાદ નોંધાવા પામી નથી.

# ડીસાના નાયબ કલેક્ટર દ્વારા સ્ટેમ્પ ડ્યુટીના ૪૫૪૦ પડતર કેસોનો નિકાલ કરાયો

ડીસા, તા. ૧૨

ડીસાના નાયબ કલેક્ટર દ્વારા ડીસા પ્રાંતમાં બે માસના ટુંકા ગાળામાં કેસોના નિકાલ માટે ઝડપી આયોજન કરી સ્ટેમ્પ ડ્યુટીના કુલ ૪૫૪૦ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આજ રીતે આ જિલ્લાના અન્ય પ્રાંતમાં કામગીરી પૂર્ણ કરી બીજા પડતર સ્ટેમ્પ ડ્યુટીના કેસોનો પણ આજ રીતે નિકાલ કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લા કલેકટર પાલનપુર તરફથી મળેલ સુચના અન્વયે નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર પાલનપુરની કચેરીએથી ડીસા અને કાંકરેજ તાલુકાના કુલ ૪૫૪૦ સ્ટેમ્પ ડ્યુટીના પડતર કેસોનો નિકાલ કરવા માટે આપવામાં આવ્યા હતા. લાંબા સમયથી પડતર આ તમામ કેસો નિકાલ કરવા અલગ-અલગ પાંચ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી અને ૧૫ થી ૨૦ દિવસ સુધીમાં સુનવણી કરી સ્ટેમ્પ ડ્યુટી ભરવા માગતા અરજદારોને ચલણ બનાવી આપી ખુટતી સ્ટેમ્બ ડ્યુટી રકમ વસુલ લેવા અને સબ રજીસ્ટ્રાર મારફતે અસલ દસ્તાવેજ પરત કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# સે. ૩૦, જ-૨ વસાહત ખાતે નવરાત્રી સમિતિની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સેક્ટર-૩૦, કેટેગરી-૨ સર્કલ પાસે આવેલ છે. જેની નવરાત્રી મહોત્સવ-૨૦૧૩ની સમિતિના સભ્યોની રચના સર્વાનુમતે રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે વિક્રમસિંહ પી. ચાવડા, ઉપપ્રમુખ હરિસિંહ કે. રાઠોડ, ખજાનચી ઈશ્વરભાઈ રાઠવા, સંગઠનમંત્રી રાકેશભાઈ જાદવ, સહમંત્રી મુકેશભાઈ સોલંકી, મંત્રી તરીકે વિજયભાઈ શ્રીમાળી તેમજ વ્યવસ્થાપક તરીકે રાજેન્દ્રસિંહ મકવાણા, પ્રવિણભાઈ તળપદાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# વણઝારા સમાજ દ્વારા રામદેવ નવરાત્રી મહોત્સવની ઉજવણી

તલોદ, તા.૧૨

સમગ્ર દેશમાં વસવાટ કરતા વણઝારા સમાજ દ્વારા ભાદરવા સુદ એકમથી દશેરા સુધી રામદેવ નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ તલોદ ખાતે વણઝારા સમાજ દ્વારા આ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે અને સમાજના લોકો નકોડા ઉપવાસ કરી ભગવાનની આરાધના કરે છે.

રામદેવ નવરાત્રિ મહોત્સવ નિમિત્તે ઠેર ઠેર ભજન કિર્તન પાટોત્સવ કરવામાં આવે છે ત્યારે નોમના દિવસે ધજારોહણ કરવામાં આવશે. બાદમાં મહાપ્રસાદીનું વિતરણ કરવામાં આવશે. જયારે આ મહોત્સવમાં મોટી સંખ્યામાં સમાજ બંધુઓ હાજર રહી ભજન કિર્તન અને પુજા અર્ચનનો લાભ લેશે.

# અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા સ્વ. નરેશભાઈની શ્રદ્ધાંજલિ સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ઉચ્ચ અધિકારીના ત્રાસથી આપઘાત કરનાર સ્વ. નરેશભાઈની શ્રદ્ધાંજલિ સભાનું આયોજન આગામી તા. ૧૪મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૩.૩૦ વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે.

અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા આયોજિત આ કાર્યક્રમના શ્રી વણકર સેવા સમાજ, શ્રી સંત રોહિદાસ સેવા સમાજ, ગુરૂ બ્રાહ્મણ વિકાસ પરિષદ, મહર્ષિ વાલ્મીકી સેવા ટ્રસ્ટ, તુરી સમાજ વિકાસ પરિષદ ગુજરાત, બામસેફ અને એસસી એસટી વેલ્ફેર એસોસીએશન સહયોગ આપી રહ્યા છે.

# ગાંધીનગર રેશનલ સમાજ જોગ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર રેશનલ સમાજની માસિક બેઠક આગામી તારીખ ૧૪મી સપ્ટેમ્બર-૨૦૧૩ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે. ૨૩ બ્લોક નંબર ૬૧/૧ 'ઘ' ટાઈપ ખાતે રાખવામાં આવેલ છે. આ બેઠકમાં દરેક સભ્યોને હાજર રહેવા માટે રેશનલ સમાજના મંત્રી પંકજભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

# હિંમતનગરની સરપ્રતાપ હોસ્પિટલમાં હજ યાત્રીઓ માટે વેકસીન આપવાનો કાર્યક્રમ યોજાયા

હિંમતનગર, તા.૧૨

ચાલુ સાલે હજ ઉપર જતા હાજીઓને વેકસીન આપવાનો કાર્યક્રમ સર પ્રતાપ સિવિલ હોસ્પિટલ, હિંમતનગર ખાતે યોજાઈ ગયો. હેલ્થ હોસ્પિટલ કોંગ્રેસ કમિટિ હિંમતનગર તરફથી મળતી માહિતી અનુસાર હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ભારત સરકારશ્રીના નિતિ નિયમો અનુસાર હજ કમિટિમાં સમાવેશ થયેલ હાજીઓને તા. ૧૨-૯-૨૦૧૩ના રોજ સવારે ૯ થી ૧૨.૩૦ કલાક સુધી વેકસીન રસી ૩૦૦ જેટલા હાજીઓને આપવામાં આવી હતી. જેનો લાભ હજે બયતુલ્લાહ ઉપર જતા તમામ હાજીએ લીધો હતો. તે દરમિયાન સિવિલ સર્જન ડૉ. ઉપેરીયા સાહેબ, આર.એમ.ઓ. શ્રી, મેડીકલ ઓફીસરશ્રીઓ, કમરઅલી શેખ (ફાર્માસીસ્ટ) તેમજ સમગ્ર સ્ટાફ તરફથી સુંદર સાથ સહકાર આપ્યો હતો.

હજ ઉપર જતા તમામ હાજી હજીયાણીઓને અને તેમના પરિવારોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવતા મા. મધુસુદનભાઈ મિસ્ત્રી સાહેબ, મા. ડાહ્યાભાઈ પટેલ, મા. ચંદ્રસિંહ ઝાલા તેમજ કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ, શહેર પ્રમુખશ્રીઓ, હેલ્થ હોસ્પિટલ પ્રદેશ કોંગ્રેસ સમિતિના ચેરમેન રમેશભાઈ ચૌધરી, હિંમતનગર કન્વીનર ઈશાક શેખ, સમાજ સેવક કાન્તિલાલ પરમાર, નિશારઅહેમદ શેખ, જયોતિબેન દવે, મહેશકુમાર પરમાર, આબીદભાઈ ખણુસીયા, સા.કાં. ફિલ્ડ ટ્રેનર ગુજરાત હજ કમિટિ, અ. હમીદભાઈ વી. ખરોડીયા-સા.કાં. ફિલ્ડ ટ્રેનર ગુજરાત હજ કમિટિ, ડૉ. ફકીર મોહંમદ અહેમદભાઈ મેમન, ઈમરાનભાઈ બાદશાહ, મકબુલભાઈ પુનાસીયા, જાનુભાઈ વલીભાઈ મેમન, જાનુભાઈ મેમન, લાકડીવાલા, નગરપાલિકા તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, વિવિધ સેલના પ્રમુખશ્રીઓ શહેર તાલુકા જિલ્લા કોંગ્રેસ સમિતિઓના તમામ હોદ્દેદારશ્રીઓ, મુસ્લિમ સમાજના અને સંગઠનના પ્રમુખ-ટ્રસ્ટીઓ, આગેવાનો, અગ્રણીઓ સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને હજે બયતુલ્લાહ જતા તમામ હાજીઓ માટે દુઆ કરી હતી કે હજના તમામ અરહાન પુરા થાય તે દરમિયાન તેમનો સ્વાસ્થ્ય સારો રહે તેવી દુઆઓ કરી હતી. કોફી અને બિસ્કીટની વ્યવસ્થા મુસ્લિમ સમાજ તરફથી કરવામાં આવી હતી.